# રાજ્યમાં કોરોનાના કેસમાં નોંધપાત્ર ઘટાડો : ૮૧૦ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૬ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૪૯૦૦૧૧ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૮૧૪૪ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૭

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૮૧૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૧૬ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૨૮,૧૪૪ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૪.૦૨ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે.

આજે રાજ્યમાં કુલ ૫૨,૯૦૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૧૩.૯૪ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૪,૯૦,૦૧૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૩,૩૮૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૦૩,૨૭૬ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે.

જ્યારે ૧૧૧ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઇન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૦,૨૨૩ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૧ છે. જ્યારે ૧૦,૧૬૨ લોકો સ્ટેબલ છે. ૨,૨૮,૧૪૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૮૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૩, અરવલ્લી ૦૧, પાટણમાં ૦૧ અને સુરત કોર્પોરેશનનાં ૦૧ દર્દી સહિત કુલ ૦૬ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# વિરાટ કોહલી દાયકાનો અને વન-ડેનો શ્રેષ્ઠ ક્રિકેટર જાહેર

## ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે એવોર્ડ જાહેર કર્યા : ઓસ્ટ્રેલિયાના સ્મિથ બેસ્ટ ટેસ્ટ ખેલાડી, અફઘાનિસ્તાનનો સ્પિનર રાશિદ ખાન દાયકાનો બેસ્ટ ટી૨૦ ખેલાડી જાહેર




દુબઈ, તા. ૨૮

આઈસીસીએ સોમવારે એવોર્ડ્સની જાહેરાત કરતાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલીને દશકનો બેસ્ટ ખેલાડી પસંદ કર્યો છે. આ ઉપરાંત તેને દશકનો બેસ્ટ વન ડે ખેલાડીનો પણ એવોર્ડ આપવામાં આવ્યો છે. ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન એમએસ ધોનીને આઈસીસીની ખેલ ભાવના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આઈસીસીએ ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથને દશકનો બેસ્ટ ટેસ્ટ ખેલાડી અને અફઘાનિસ્તાનના સ્પિનર રાશિદ ખાનને દશકનો બેસ્ટ ટી૨૦ ખેલાડી પસંદ કર્યો છે. મહિલા વર્ગમાં ઓસ્ટ્રેલિયાની એલિસ પૈરીને દશકની બેસ્ટ મહિલા ક્રિકેટર ઉપરાંત દશકની બેસ્ટ ટી૨૦ અને વન ડે મહિલા ક્રિકેટરનો એવોર્ડ પણ મળ્યો છે.

આઈસીસીએ રવિવારે દશકની બેસ્ટ વન ડે, ટી૨૦ અને ટેસ્ટ ટીમની જાહેરાત કરી હતી. ભારતનાં પૂર્વ ખેલાડી મહેન્દ્રસિંહ ધોનીને આઈસીસીના વન ડે અને ટી૨૦ બંને ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિરાટ કોહલીને આઈસીસીના ત્રણેય ફોર્મેટમાં જગ્યા બનાવવામાં સફળ રહ્યો હતો. આઈસીસીએ મહિલા ક્રિકેટની પણ દશકની વન ડે અને ટી૨૦ ટીમનું એલાન કર્યું હતું. જેમાં મિતાલી રાજ અને હરમનપ્રીત કૌરને સ્થાન આપવામાં આવ્યું હતું.

# મોદી કેવડિયાના રેલવે સ્ટેશનનું લોકાર્પણ કરશે

## સરદારધામના કાર્યક્રમમાં હાજરી આપશે, અન્ય ત્રણથી ચાર પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો તખ્તો તૈયાર




ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના માનીતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવા વર્ષે ફરીથી ગુજરાતમાં આવશે. જેના માટે ભાજપ કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. વડાપ્રધાન મોદી વડાપ્રધાન બન્યા બાદ ગુજરાતના અનેક પ્રોજેક્ટોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ માટે ગુજરાતની મુલાકાતે આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરીવાર ગુજરાત આવશે. ૧૨ જાન્યુઆરીએ વડાપ્રધાન મોદી ગુજરાત આવશે તેવી માહિતી સામે આવી રહી છે. અને ગુજરાતમાં આવી સૌ પ્રથમ પીએમ મોદી સરદારધામના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે બાદમાં તેઓ કેવડિયાના નવા રેલવે સ્ટેશનનું લોકાર્પણ કરશે. ત્યાં જ પીએમ મોદી ગાંધીનગર રેલવે સ્ટેશન અને હોટલ લોકાર્પણ કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે

૧૨ જાન્યુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાત આવી સરદાર ધામના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેવડિયાના નવા રેલવે સ્ટેશનનું લોકાર્પણ કરશે સાથે ગાંધીનગર રેલવે સ્ટેશન ઉપરાંત અન્ય ત્રણથી ચાર પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે.

બીજી તરફ રાજકોટમાં રૂ.૧૧૮ કરોડના ખર્ચે લાઈટ હાઉસ પ્રોજેક્ટ તૈયાર થઈ રહ્યો છે. જેનું ઈ-ખાતમુહૂર્ત વડાપ્રધાન મોદીના હસ્તે કરાશે. આ લાઈટહાઉસ દેશના ૬માંથી ગુજરાતનું એક રાજકોટનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહિં ઈડબલ્યુએસ ૨ પ્રકારના ૧૧૪૪ આવસો બનાવવામાં આવશે. જેના માટે ૬ જુદી-જુદી ટેકનોલોજી દ્વારા આ આવાસ બનાવવામાં આવશે.

# હિરેન પટેલ હત્યા કેસનો આરોપી હરિયાણાથી ઝડપાયો

## હત્યાના ષડયંત્રનો પર્દાફાશ દાહોદ પોલીસે કર્યો હતો : હિરેનની હત્યા રાજકીય, ઝાલોદના કોંગ્રેસી ધારાસભ્યના ભાઈના ઈશારે આ રાજકીય હત્યા કરવામાં આવી છે

અમદાવાદ,તા.૨૮

દાહોદ જિલ્લાની ઝાલોદ નગર પાલિકાના કોર્પોરેટર હીરેન પટેલ હત્યા કેસને તપાસ કરી રહેલી ગુજરાત એટીએસે હરિયાણાથી આરોપીઓને દબોચી લીધો છે. ઈમરાન ઉર્ફે ઈમુ ડાંડની હરિયાણાથી ધરપકડ કરવામાં આવી છે. એટીએસની તપાસમાં ઘટસ્ફોટ થયો છે કે, હિરેન પટેલની હત્યા રાજકીય છે. ઝાલોદના કોંગ્રેસી ધારાસભ્ય ભાવેશ કટારાના ભાઈના ઈશારે આ રાજકીય હત્યા કરવામાં આવી છે. ત્રણ મહિના પહેલા હિરેન પટેલની અકસ્માત સર્જી હત્યા કરી દેવામાં આવી હતી. આ હત્યામાં મોટા માથાંઓની સંડોવણીના આક્ષેપો બાદ એટીએસ સહિતની એજન્સીઓ કામે લાગી છે. હિરેન પટેલ હત્યા કેસમાં એક આરોપી ફરાર હતા ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા ખુદ એક્શનમાં જોવા મળ્યા હતા. ત્રણ માસ અગાઉ હિરેન પટેલની હત્યા કરવામાં આવી હતી. તેઓ સવારે મોર્નિંગ વોકમાં નીકળ્યા હતા, ત્યારે આ નગર સેવકની અકસ્માત કરીને હત્યા કરવામાં આવી હતી. હત્યાના ષડયંત્રનો પર્દાફાશ દાહોદ પોલીસે કર્યો હતો. આ કેસમાં ૬ આરોપીઓ ઝડપાયા હતા, જ્યારે કે અન્ય ૧ આરોપી ફરાર થયો છે. સમગ્ર કેસ મામલે અમદાવાદ એટીએસ તેમજ રાજ્યની અન્ય એજન્સીઓ કામે લાગી હતી. ત્યારે આજે ગૃહરાજ્ય મંત્રીએ મૃતક હિરેન પટેલના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. તેઓએ કહ્યું કે, સંડોવાયેલા તમામ આરોપીઓને કડકમાં કડક સજા થશે. ઉલ્લેખનીય છે કે, ઝાલોદના નગરસેવક હિરેન પટેલના હત્યાકાંડ બાદ બીજીવાર ગૃહ રાજ્યમંત્રીએ તેમના પરિવારજનોની મુલાકાત લીધી હતી. હિરેન પટેલ હત્યાકાંડ સહિત અન્ય દાહોદ જિલ્લાના અન્ય સળગતા મુદ્દાઓને લઈ તેઓએ પ્રાંત કચેરી ખાતે અંગત બેઠકનું આયોજન કર્યું હતું. આ મીટિંગમાં અમદાવાદ એટીએસ સહિત તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# પ્રાથમિક વિભાગમાં માસ પ્રમોશન આપવા માગણી

## સ્કૂલોમાં હવે અભ્યાસના માંડ ૬૦ દિવસ બાકી : ચાલુ વર્ષે શૈક્ષણિક વર્ષમાં અભ્યાસના ૨૩૦ દિવસોમાંથી ૧૭૦ દિવસ શાળાઓ ખૂલ્યા વગર પસાર થઈ ચૂક્યા છે

અમદાવાદ,તા.૨૮

મહામારીના કારણે રાજ્યમાં ચાલુ વર્ષે શૈક્ષણિક વર્ષમાં અભ્યાસના ૨૩૦ દિવસોમાંથી ૧૭૦ દિવસ શાળાઓ ખૂલ્યા વગર પસાર થઈ ચૂક્યા છે. હવે અભ્યાસના માંડ ૬૦ જેટલા દિવસ બાકી રહ્યા છે, તેમાં પણ શાળાઓ ક્યારે ખુલશે તે નક્કી નથી. તેથી આ સ્થિતિમાં પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવે તેવી માગણી વાલી મંડળ દ્વારા કરવામાં આવી છે. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં પરીક્ષા લેવી જરૂરી હોવાથી તે અંગેનું આયોજન સરકાર તેમની રીતે કરે તેવું વાલી મંડળે જણાવ્યું છે. રાજ્યમાં કોરોનાના કહેરના પગલે માર્ચ ૨૦૨૦થી શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી. જે બાદ સતત વધતા જતા કેસના કારણે જૂનથી શરુ થતા શૈક્ષણિક સત્રથી પણ શાળાઓ શરુ કરી શકાય તેમ ન હોવાથી ઓનલાઈન ક્લાસ શરુ કરવામાં આવ્યા હતા અને હજું પણ વિદ્યાર્થીઓ ઓનલાઈન ભણી રહ્યા છે. રાજ્યમાં ચાલુ વર્ષમાં કુલ ૨૩૦ દિવસનું શૈક્ષણિક કાર્ય થવાનું હતું. જેમાં પ્રથમ સત્રમાં ૧૧૩ દિવસ અને બીજા સત્રમાં ૧૧૭ દિવસનું શૈક્ષણિક કાર્ય થવાનું હતું. જેમાં પ્રથમ સત્રમાં એક પણ દિવસ શાળાઓ ખૂલી ન શકી હોવાથી ૧૧૩ દિવસ ઓનલાઈન ક્લાસમાં ગયા હતા અને બીજા સત્રમાં પણ અત્યારસુધીમાં ૪૫ દિવસનું શૈક્ષણિક કાર્ય પૂરુ થઈ ચૂક્યું છે. જાન્યુઆરી મહિનાથી ગણતરી કરવામાં આવે તો માંડ ૫૯ દિવસનું જ શૈક્ષણિક કાર્ય બાકી રહેશે. જેમાં જાન્યુઆરીના ૨૪ દિવસ, ફેબ્રુઆરીના ૨૪ દિવસ અને માર્ચના ૧૧ દિવસ બાકી રહે છે. આ દરમિયાન સરકાર દ્વારા સત્ર લંબાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પરંતુ પ્રાથમિક શાળાઓ માટે સત્ર લંબાય તેવી શક્યતા નહીવત્ હોવાથી તેમના માટે શિક્ષણના બે મહિના બાકી છે. આમ, સમગ્ર વર્ષ દરમિયાન શાળાઓ બંધ રહી છે અને ઓનલાઈન શિક્ષણ પણ એટલું અસરકારક સાબિત થઈ રહ્યું નથી તેથી વાલી મંડળે પ્રાથમિકના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની માગણી કરી છે.

ઓલ ગુજરાત વાલી મંડળના પ્રમુખ નરેશ શાહે જણાવ્યું હતું કે, રાજ્યમાં ૨૩૦ દિવસ શૈક્ષણિક અભ્યાસના દિવસોમાંથી અત્યારસુધીમાં ૧૭૦ જેટલા દિવસો પૂરા થઈ ચૂક્યા છે. હવે માંડ ૬૦ દિવસ બાકી રહ્યા છે ત્યારે સરકારે અત્યારથી જ પ્રાથમિક વિભાગમાં માસ પ્રમોશનની જાહેરાત કરવી જોઈએ. જેથી વિદ્યાર્થીઓને આગળના અભ્યાસની તૈયારી કરવાની તક મળી શકે. હાલમાં ૬૦ દિવસ બાકી છે ત્યારે હજુ શાળાઓ ક્યારે ખુલશે તે નક્કી નથી. તેથી વહેલી તકે માસ પ્રમોશનની માગ કરવામાં આવી છે.

# સાસણ-ગીરનું જંગલ સિંહ દર્શન માટે પ્રવાસીઓથી છલકાયું

## સિંહ દર્શન માટેના તમામ બુકિંગ હાઉસફૂલ : વન વિભાગ દ્વારા રોજની ૧૫૦ પરમીટનું ઓનલાઇન બુકીંગ કરવામાં આવે છે, તે હાલ ફૂલ જોવા મળી રહ્યું છે



જુનાગઢ,તા.૨૮

નાતાલ ક્રિસમસના વેકેશનમાં પ્રવાસીઓની સાસણ ગીરમાં સિંહ દર્શન કરવા ભારે ભીડ જોવા મળી રહી છે ત્યારે ઓનલાઈન બુકીંગ ફૂલ થઈ ગયું છે. પ્રવાસીઓની આવવાની અત્યારથી જ શરૂઆત થઈ ગઈ છે. બોલિવુડ સ્ટાર આમિર ખાન પણ હાલ પરિવાર સાથે સિંહ દર્શન માણવા ગીર પહોંચી ગયા છે. એશિયાટીક સિંહોનું ઘર સાસણ ગીરમાં નાતાલ અને ક્રિસમસના તહેવારમાં ગુજરાત અને અન્ય રાજ્યોના પર્યટકો મોટી સંખ્યામાં વેકેશનની મજા માણવા ઉમટી પડેલા જોવા મળે છે. સાસણ ગીર સેન્ચુરીમાં મુક્ત મને વિહરતા સિંહોને જોવા પર્યટકોનો ઘસારો જોવા મળે છે. વન વિભાગ દ્વારા રોજની ૧૫૦ પરમીટનું ઓનલાઈન બુકીંગ કરવામાં આવે છે. તે હાલ ફૂલ જોવા મળી રહ્યું છે. દેવળીયા પાર્કમાં પણ પ્રવાસીઓ ખૂબ મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. ત્યારે હાલ કોરોના અને લોકડાઉનમાં જે રીતે પ્રવાસન ક્ષેત્રોને છૂટછાટ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવી છે, ત્યારે પ્રવાસીઓ ગીર તરફ વધુ જોવા મળી રહ્યાં છે અને જંગલ સફારી કરી પરિવાર સાથે કુદરતી વાતાવરણમાં વન્ય પ્રાણીને નિહાળી આનંદ માણી રહ્યા છે. બીજી તરફ, હાલ રાજયના મહાનગરોમાં રાત્રિના સમયે કર્ફ્યુ લગાવવામાં આવ્યો છે. ત્યારે ઘરે રહીને કંટાળેલા લોકો હવે સિંહ દર્શન કરવા સાસણ ગીરમાં વેકેશનની મોજ માણવા આવી ગયા છે. ત્યારે ગીર જંગલમાં વસતા વન્ય પ્રાણીઓને જોવા પર્યટકોનો ઘસારો ૧ જાન્યુઆરી સુધી જોવા મળશે.

સાસણ ગીરમાં વન વિભાગે નાતાલ અને ક્રિસમસના તહેવારને ધ્યાને લઈને કોવિડ ૧૯ માં ખાસ તકેદારી રહે તે માટે આવતા પ્રવાસીઓને માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ તેમજ સૅનેટાઈઝનો ઉપયોગ કરવાની સૂચના આપી છે. ત્યારે વન વિભાગ દ્વારા સિંહ દર્શન માટે ઓનલાઈન બુકીંગ ની જે સુવિધા આપવામાં આવીછે તેમાં ૨૫ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી ઓનલાઈન બુકીંગ ફૂલ જોવા મળી રહ્યું છે અને જંગલમાં સિંહ દર્શન માટે એક દિવસમાં ૧૫૦ જીપ્સીની ટ્રીપ કરવામાં આવે છે, તે પણ ફૂલ થઈ ગઈ છે. જે પ્રવાસી ગીર સેન્ચુરીમાં ઓનલાઈન બુકિંગ નથી કરતા તે પ્રવાસીઓ માટે સિંહ દર્શન માટે દેવળીયા સફારી પાર્કમાં જીપ્સી દ્વારા સિંહ દર્શન કરવામાં આવે છે.

# પાલનપુરની સિવિલમાં વોર્ડના ટોયલેટની બારી તોડી કેદી ફરાર

## કોરોના દર્દીઓના ભાગી જવાની વધુ એક ઘટના

પાલનપુર, તા. ૨૮

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલ એક કેદી રવિવારે વહેલી સવારે અંધારાનો લાભ લઈ આઈસોલેશન વોર્ડના ટોયલેટની બારીની ગ્રીલ વાળી કેદી ફરાર થઈ ગયો હતો. જેની જાણ પોલીસ જાપ્તામાં રહેલા પોલીસ કર્મીઓને થતા પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અમીરગઢ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં અંદાજીત બે માસ અગાઉ ઈસ્માઈલખાન મેરાજખાન ઉર્ફે મેરાબખાન ખાજુજી સુમરા (ઉ.વ.૨૨) રહે.બાલુન્દ્રા તા.અમીરગઢને રાજસ્થાનથી ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવાયો હતો. ત્યારબાદ તે કેદી પાલનપુર સબજેલમાંથી ૧૭ દિવસથી પાલનપુર સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં સારવાર લઈ રહ્યો હતો. રવિવારે વહેલી સવારે ઈસ્માઈલખાન ટોયલેટ જવા ગયો હતો. જેથી પોલીસ જાપ્તામાં રહેલા પોલિસકર્મીઓ બહાર તેની ખબર રાખી રહ્યા હતા.

પરંતુ વધુ સમય થઈ ગયો હોવા છતાં તે ટોયલેટમાંથી બહાર ન આવતાં જાપ્તા પોલીસને શંકા જતા બુમ પાડી તપાસ કરતાં તેનો સામે કોઈ પ્રત્યુત્તર મળ્યો ન હતો. પોલીસે ટોયલેટનો દરવાજો ખોલી જોતાં ટોયલેટની બારીની ગ્રીલના સળીયા તૂટેલા હોવાથી કેદી ફરાર થઈ ગયો હોવાની જાણ થઈ હતી. સિવિલની આજુ-બાજુ શોધ ખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતાં પાલનપુર પોલીસ હેડ ક્વાટરના એ.એસ.આઈ. એ પાલનપુર પૂર્વ પોલીસ મથકે કેદી વહેલી સવારે અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોનોંધી ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનિય છે કે, કેદી ચાદરોની ગાંઠો વાળી તેની મદદથી બારીમાંથી નીચે ઉતર્યો હોવાનું જાણવા મળ્યું હતું. પાલનપુર સિવિલમાં સારવાર લઈ રહેલ કેદી કોરોના પોઝીટીવ હોવાથી સિવિલ દ્વારા પોલીસને કામ સિવાય દર્દી (કેદી) પાસે જવા માટે ના પાડવામાં આવી હતી. તેમજ પોલીસ દ્વારા પણ કોરોના પોઝીટીવ દર્દી હોવાથી સોશીયલ ડીસ્ટન્સ રાખવામાં આવતુ હતુ.જેનો લાભ લઈ આરોપી સિવિલમાંથી ફરાર થઈ ગયો હતો. પાલનપુર હોસ્પિટલમાં ઈસ્માઈલખાન સુમરા તા.૧૦-૧૨-૨૦ ૨૦થી સિવિલ હોસ્પિટલમાં કોરોનાના આઈસોલેશન વોર્ડમાં સારવાર લઈ રહ્યો હતો.

### રાજ્યમાં કોલ્ડવેવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં ૨૮થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં હાડ થીજવતી ઠંડીનું પ્રમાણ હજુ વધી શકે છે. રાજ્યમાં સરેરાશ લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થવાની શક્યતા છે. ખાનગી સંસ્થાના અનુમાન પ્રમાણે પણ અમદાવાદમાં ૨૮ ડિસેમ્બર ૩૧ ડિસેમ્બર સુધી અમદાવાદી સહિત સમગ્ર ગુજરાતના લોકોને ટાઢમાં થથરાવું પડી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગની આગાહી પ્રમામે દક્ષિણ અરબી સમુદ્રમાં લૉ પ્રેશર સક્રિય થયું છે. જેના કારણે દરિયામાં મોટો કરંટ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે માછીમારો માટે એલર્ટ જાહેર કર્યું છે, જેમાં રાજ્યના નાના-મોટા તમામ માછીમારોને દક્ષિણ અરબી સમુદ્રમાં ન જવા સૂચના આપી દેવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે બે દિવસ તાપમાન રહેશે તેવી પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### ખેડૂતોને તેડું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતોથી સંબંધિત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સરકાર અને ખેડૂત સંગઠનો વચ્ચે અત્યાર સુધીમાં ૬ તબક્કાની વાતચીત થઈ ચૂકી છે, પરંતુ હાલ કોઈ નક્કર પરિણામ બહાર આવ્યું નથી. એવામાં ૩૦ ડિસેમ્બરે થનારી વાતચીતને લઈને સકારાત્મક આશાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ખેડૂત સંગઠનો નવા કૃષિ કાયદાની સામે છેલ્લા એક મહિનાથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે અને દિલ્હીની અલગ-અલગ સરહદો રોકીને ધરણાં કરી રહ્યા છે.

નવા કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહેલા ખેડૂતોને કેન્દ્ર સરકારે ૩૦ ડિસેમ્બરે આગળના તબક્કે વાટાઘાટો માટે તેડૂ મોકલ્યુ છે. કેન્દ્રિય કૃષિ સચિવે સોમવારે આ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, સરકાર આ મુદ્દાને ઉકેલવા માટે પ્રતિબદ્ધ છે. કેન્દ્રના આમંત્રણ પત્રના જવાબમાં ખેડૂત આગેવાનોએ ૨૯ ડિસેમ્બરે વાતચીત કરવાની રજૂઆત કરી હતી. કૃષિ સચિવના જણાવ્યા મુજબ તમામ ખેડૂતો સંગઠનોને ૩૦ ડિસેમ્બર બપોરે ૨ વાગ્યે બોલાવવામાં આવ્યા છે. ખેડૂતો સાથે ચર્ચાના દિવસ પહેલા કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ, રેલવે મંત્રી પીયુષ ગોયલ અને કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર વચ્ચે મહત્વની બેઠક યોજાઈ હતી. આ પહેલા કેન્દ્ર સરકાર અને આંદોલનકારી ખેડૂતોના આગેવાનો વચ્ચે નવા કૃષિ કાયદાઓને લઈને છ તબક્કામાં વાટાઘાટો થઈ ચૂકી હતી, જે તમામ અનિર્ણાયક સાબિત થઈ હતી. ખેડૂતો એક મહિનાથી પણ વધુ સમયથી દિલ્હીની અલગ-અલગ સરહદો પર નવા કૃષિ કાયદાઓને રદ કરવાની માંગ સાથે આંદોલન કરી રહ્યા છે, જ્યારે સરકાર નવા કૃષિ કાયદાઓને રદ કરવાના હકમાં નથી. સરકાર આ મુદ્દે કાયદાઓમાં સુધારાની રજૂઆત કરી ચૂકી છે, પરંતુ ખેડૂત આગેવાનો કાયદાઓ રદ કરવાની માંગ પર અડગ છે.

### ઉદ્ઘાટનની શક્યતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી શકશે. સ્ટેશન પર પ્રાર્થના રૂમ ઉપરાંત યાત્રિક મહીલાઓ તેમના બાળકોને ફીડીંગ કરાવી શકે તે માટે બેબી ફીડીંગ રૂમ પણ તૈયાર કરાયો છે. જયારે કોઈપણ બનાવમાં મુસાફરોને કોઈ નાની મોટી ઈજા થાય તો તે માટે પ્રાથમિક સારવાર પુરી પાડવા માટે પણ સ્ટેશન પર અલાયદી સુવિધા ઉભી કરવામાં આવી છે.ફાઈવ સ્ટાર હોટલ બિલ્ડીંગની નીચે સ્ટેશન માટે નવુ બાંધકામ તૈયાર કરી દેવાયુ છે. જયારે આ બિલ્ડીંગમાં જ નીચેના મુખ્ય પ્રવેશદ્વારથી પ્લેટફોર્મ પર જવા માટેની એન્ટ્રી છે. સ્ટેશન પર અવરજવર કરતા તમામ મુસાફરોએ ડોર ફ્રેમ મેટલ ડિટેકટરમાંથી પસાર થવાનુ રહેશે. જયારે ટિકીટ બારીની ડાબી બાજુમાં લિફટ અને એસ્કેલેટરની પણ સુવિધા ઉભી કરવામાં આવી છે. સ્ટેશનના જુના બિલ્ડીંગમાં સ્ટેશન મેનેજર સહીત અન્ય અધિકારીની ઓફિસ જુની હાલ પુરતી જુના બિલ્ડીંગમાં જ કાર્યરત રહેશે. આ ઉપરાંત ખાણીપીણીના સ્ટોલ્સ સહીત અન્ય જરૂરી ચીજવસ્તુઓ માટે આ ઠેકાણે સ્ટોલ પણ શરૂ કરાશે. સ્ટેશન વિસ્તારમાં પ્રવેશદ્વાર પાસે હોટલમાં જવાનો માર્ગ પણ તૈયાર કરાયો છે. સ્ટેશનની બાજુમાં અદ્યતન હોટલનુ નિર્માણ પણ થઈ ગયુ છે. જયારે આગામી દિવસોમાં સ્ટેશન પર ટ્રેઈનોની અવરજવર પણ વધશે જેથી મુસાફરોને ટ્રેઈન સુવિધા મળવાની સાથે સ્ટેશન વિસ્તાર ધમધમતો થઈ જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી તા ૧૨ જાન્યુઆરીના રોજ કેપિટલ સ્ટેશનનુ ઉદઘાટન કરશે. એક જમાનામાં ખંડેર અને કંગાળ જોવા મળતા આ વિસ્તારમાં હવે સ્માર્ટ સ્ટેશન પર ટ્રેઈનોની અવરજવર સાથે મુસાફરોનો ધમધમાટ જોવા મળશે.

### નવા ૨૨ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ૯૨૬૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના માત્ર ૧૦ જ કેસ નોંધાયા છે. ડ્રાય રન ટેસ્ટના પૂર્વ દિવસે કેસોની સંખ્યા ઘટતાં તંત્રએ તેનું સંપૂર્ણ ધ્યાન ડ્રાય રન ટેસ્ટ પર જ કેન્દ્રીત કર્યુ છે.

આજે નોંધાયેલા ૧૦ કેસોમાં ૪ મહિલાઓ સામેલ છે. આજે સે. ૨૨ માં માતા-પુત્ર કોરોનાની ઝપટે ચડ્યા છે. આજે સંક્રમિત થનારાઓમાં ઈન્કમટેક્ષ ઓફિસર, એડવોકેટ અને નાયબ સેક્શન અધિકારીનો સમાવેશ થાય છે.

આજે જે કેસ નોંધાયા છે તેમાં સે. ૪ માં ૨, સે. ૨૨ માં ૨ કેસ ઉપરાંત સે. ૨૧, ૨૭, ૨૯, સે. ૨, ૫, ૧૭ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે વધુ ૧૬ દર્દીને ડિસ્ચાર્જ રિકવરી પ્રાપ્ત કરતાં અપાયુ છે. શહેરમાં આજે નોંધાયેલા ૧૦ કેસમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૧૮૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.